# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## MBA / MCA / Lateral MCA (એમસીએ દ્વીતીય વર્ષ) અભ્યાસક્રમો ચલાવતી અનુદાનીત તથા સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોના પ્રવેશ બાબત. (પ્રવેશ વર્ષ-૨૦૧૭)

શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮ ની એમ.બી.એ./એમ.સી.એ. અભ્યાસક્રમોની CMAT-2017 વિદ્યાર્થીઓની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૧૨-૦૮-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવે છે. સદર પ્રક્રિયા બાદ અનુદાનીત તથા સ્વનિર્ભર એમ.બી.એ./એમ.સી.એ. સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. આ અનુસંધાને અનુદાનીત તથા સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન રીપોર્ટીંગના કારણે તથા રાઉન્ડ-૨ બાદ ખાલી રહેલી તમામ બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. આવી ખાલી રહેલ બેઠકો માટે પ્રવેશ લેવા માગતા ઉમેદવારોએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલ જગ્યાઓ પર નીચે મુજબના અગ્રતાક્રમ પ્રમાણે ઉમેદવારની પસંદગી કરી સંસ્થાઓએ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય.

(૨) CMAT-2017 ની પ્રવેશ પરીક્ષા આપેલ અને પ્રવેશ નિયમ-૫ મુજબની જરૂરી પ્રવેશ લાયકાત ધરાવતા હોય તથા અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા ઉમેદવાર.

(૩) CMAT-2017 ની પ્રવેશ પરીક્ષા આપેલ અને ગુજરાત રાજ્ય બહારના ઉમેદવાર જે પ્રવેશ માટેની જરૂરી લાયકાત ધરાવતા હોય.

(૪) જરૂરી પ્રવેશ પરીક્ષા આપેલ ન હોય પરંતુ પ્રવેશની જરૂરી લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારો.

ઉપરોક્ત ક્રમાંક-૧ મુજબના વિદ્યાર્થીએ www.gujacpc.nic.in ઉપર જઈ પોતાના Login ID માં જઈ પોતાના રજીસ્ટ્રેશનની પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. આ પ્રિન્ટ આઉટની કોપી તથા જરૂરી ડોક્યુમેન્ટ સાથે પોતાની ઈચ્છીત સંસ્થામાં સંપર્ક કરવાનો રહેશે. **<u>જે વિદ્યાર્થીએ આગાઉ કોટક મહિન્દ્રા બેંકમાંથી પીન લીધેલ હોય તેમણે ફરીથી પીન લેવો જરૂરી નથી.</u>** ઉપરોક્ત (૨), (૩) અને (૪) ક્રમાંક મુજબના વિદ્યાર્થીઓએ કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખામાં જઈ રોકડા રૂા. ૫૦૦/- (નોન રીફન્ડેબલ) ચૂકવી PIN ખરીદવાની રહેશે. PIN ખરીદ્યા બાદ www.gujacpc.nic.in ઉપર જઈ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી ડૉક્યુમેન્ટ જોડી જે તે સંસ્થા ખાતે નિયત સમયમર્યદામાં પ્રવેશ મેળવવા માગતા હોય તે સંસ્થા ખાતે જમા કરાવવાનું રહેશે. ઉપરોક્ત ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવેલ દરેક ઉમેદવારે ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ લેવી ફરજીયાત છે. કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત બેંકની માહિતી વેબસાઈટ www.jacpcldce.ac.in ની MBA/MCA લીંકમાં મુકવામાં આવેલ છે.

ખાલી રહેલી બેઠકોમાં પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

| Sr. No. | Activity | Proposed Date |
|---|---|---|
| 01 | Display of vacant seats | 14-08-2017 |
| 02 | Distribution of PIN (During Banking Hours) from designated branches of Kotak Mahindra Bank for vacant seat | 22-08-2017 to 31-08-2017 |
| 03 | Online Registration / Registration Printout for vacant seats admission (GIA & SFI) | 22-08-2017 to 31-08-2017 |
| 04 | Submission of copy of registration form with self-attested documents to Institute by Candidate | 28-08-2017 to 04-09-2017 |
| 05 | Declaration of Merit list at institute level | 05-09-2017 |
| 06 | Counselling at respective Institute level for vacant quota admission | 06-09-2017 to 11-09-2017 |

પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે નહીં, જેની નોંધ લેવી. ઉપરોક્ત વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે રીપોર્ટીંગ કરાવવાનું રહેતું નથી. જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી બેઠકો ઉપર **<u>જે વિદ્યાર્થીએ નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કરેલ હશે નહીં તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહીં.</u>** અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે. **<u>જે ઉમેદવાર એક કરતા વધારે સંસ્થામાં ફોર્મ જમા કરાવવા માગતો હોય તેમણે રજીસ્ટ્રેશન ફોર્મની ફોટો કોપી કરાવી ઉપયોગ કરવાનો રહેશે. દરેક સંસ્થા માટે અલગ અલગ PIN ખરીદવાનો રહેશે નહી.</u>** ખાલી જગ્યા માટે રજીસ્ટ્રેશનની સહાયતા અર્થે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત તથા ભાવનગર ખાતે નિર્ધારીત હેલ્પ સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે.

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ની MBA/MCA લીંકમાં જઈ વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૧૬-૦૮-૨૦૧૭** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**